**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**
**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

| ગુણ | - ૯૫ |
|---|---|
| સારા અક્ષરના ગુણ | - ૫ |
| કુલ ગુણ | - ૧૦૦ |

# ઉકેલપત્ર : બાળ સત્સંગ - પહેલી

(સમય : સવારે ૯ થી ૧૧) (રવિવાર, ૬ માર્ચ, ૨૦૧૧)

**નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.**

**(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાનાં નંબર દર્શાવે છે.**

**☞ અગત્યની સૂચના ☜**

**પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ☐ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.**

**બાળ સત્સંગ - ૧ : તેરમી આવૃત્તિ - સપ્ટેમ્બર ૨૦૦૯**
**વિભાગ - ૧**

**પ્ર.૧. કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૧૦)**

૧. ગુરુકૃપા (૬બ/૭૩) ૨. નારાયણમુનિ (૧૩અ/૩૧) ૩. શાંત (૨૩અ/૫૨) ૪. નિજમંદિર (૧૧બ/૮૨)
૫. ગોમતી (૨૧અ/૪૮) ૬. સરયૂ (૬અ/૧૨) ૭. માંગરોળ (૧૬અ/૩૮) ૮. પ્રાણવલ્લભ (૨૫અ/૫૪)
૯. જોબન પગી (૨૬અ/૫૫) ૧૦. કાકડી (૧૮અ/૪૨)

**પ્ર.૨. નીચે આપેલા ખરા વાક્યની સામે '✔' (ખરા)ની નિશાની કરો અને ખોટા વાક્યની સામે '✗' (ખોટા) ની નિશાની કરો. (કુલ ગુણ : ૧૦)**

૧. ખોટું - ✗ (૨૧અ/૪૮) ૨. ખરું - ✔ (૧૧બ/૮૧) ૩. ખોટું - ✗ (૩બ/૬૯) ૪. ખોટું - ✗ (૧૧અ/૨૪)
૫. ખરું - ✔ (૧૫અ/૩૬) ૬. ખોટું - ✗ (૮અ/૧૭) ૭. ખોટું - ✗ (૨અ/૩) ૮. ખરું - ✔ (૩૦અ/૬૫)
૯. ખોટું - ✗ (૨૯અ/૬૩) ૧૦. ખોટું - ✗ (૧૪અ/૩૨)

**પ્ર.૩. નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૧૦)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. બાળકનો જેજેકાર જોવા મુનિ મહારાજ જીવતા નહિ હોય તેથી રડવા લાગ્યા. (૧અ/૧)
૨. પિબકે મૂઠી ભરીને દાણા એક ઝાડ પર નાખ્યા તો ઘડીકમાં ઝાડ સુકાઈને ઠૂંઠું થઈ ગયું. (૯અ/૧૯)
૩. મરતાં પક્ષીઓને જોઈ નીલકંઠવર્ણીને વિચાર આવ્યો કે પંખીઓ કલરવ કરી પ્રભુનું કીર્તન કરતાં હતાં ત્યાં કોણે એમની આમ હત્યા કરી ? (૮અ/૧૭)
૪. શ્રીજીમહારાજ ખાટલાના પાયાને બાંધેલો દોરો જોઈ બોલ્યા 'જ્યાં વહેમ ત્યાં હરિ નહિ, જ્યાં હરિ ત્યાં વહેમ નહિ.' (૧૯અ/૪૫)
૫. આજને આજ અમદાવાદ છોડી જતા રહો ! ફરી કદી અહીં આવતા નહિ. (૨૨અ/૫૦)
૬. મહારાજ ! જબરા જાદુગર છે ! એ ધારે તો તળાવના પાણીનું ઘી કરી દે ! (૨૪અ/૫૩)
૭. ભગવાન સાચા સંતો દ્વારા હંમેશા પ્રગટ જ રહે છે (૪બ/૭૦)
૮. કાશીની સભામાં પ્રશ્ન થયો કે જ્ઞાન મોટું કે ભક્તિ ? (૫અ/૮)
૯. 'ગુ' એટલે અંધકાર, ને 'રુ' એટલે પ્રકાશ. (૬બ/૭૩)
૧૦. ઘણી બધી સ્વામીની વાતો યોગીજી મહારાજે મોઢે કરેલી. (૧૦બ/૭૯)

**પ્ર.૪. નીચે આપેલાં અવતરણો કોણ, કોને કહે છે તે જણાવો. (કુલ ગુણ : ૧૦)** **☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ**

૧. ઘનશ્યામ - બાવાઓને (૭અ/૧૫) ૨. મહારાજ - લોકોના ટોળાને (૧૭અ/૪૧) ૩. મહંત - નીલકંઠવર્ણીને (૧૦અ/૨૧)
૪. સ્વામી (બ્રહ્માનંદ સ્વામી) - બાવાઓને (૨૭અ/૫૯) ૫. પ્રમુખ સ્વામીમહારાજ (સ્વામીશ્રી) - બાળકને (૨બ/૬૮)

**પ્ર.૫. નીચે આપેલા પ્રશ્નોના જવાબ ત્રણ લીટીમાં આપો. (કુલ ગુણ : ૧૦)** **☞ નોંધ :- અડધો જવાબ સાચો હોય તો ૧ ગુણ આપવો.**

૧. કાલીદત્ત કેવી રીતે મર્યો ? (૩અ/૫)
જ. કાલીદત્ત મંત્ર તંત્રનો જાણકાર હતો. આ વિદ્યાના જોરે તેણે વંટોળિયો પેદા કર્યો. ઘણાં ઝાડ ઉખડી ગયાં. ઘનશ્યામ જે

આંબાના ઝાડ નીચે બેઠા હતા, તેની ડાળીઓ તૂટી, પણ ઘનશ્યામ બચી ગયા. તેથી મોટું જાડું ડાળું લઈને ઘનશ્યામને મારવા ગયો. પણ તેના પેદા કરેલા વંટોળિયામાં તે ફસાયો. દડાની પેઠે ઉંચકાઈ આંબાના થડ સાથે જોરથી પટકાયો, અને કાલીદત્ત મરી ગયો.

૨. સાધુઓ શા માટે જામનગરથી ચાલી નીકળ્યા ? (૨૮અ/૬૨)

જ. સાધુઓને જામનગરમાંથી સારી અને પૂરતી ભિક્ષા મળવા માંડી પણ મહારાજની આજ્ઞા હતી કે જ્યાં ઘણી અગવડો દેખો ત્યાં રહેજો. માટે સાધુઓ ચાલી નીકળ્યા.

૩. સત્સંગીએ શું શું ન ખવાય ? (૫બ/૭૨)

જ. સત્સંગીએ ડુંગળી, લસણ, હોટલનું, ઈંડા, માંસ ન ખવાય તથા દારૂ તો ચખાય જ નહિ.

૪. સરયૂદાસ લોજમાં કઈ કઈ સેવા કરતા ? (૧૨અ/૨૮)

જ. સરયૂદાસ આસપાસનાં ગામોમાં ભિક્ષા માગવા જતાં, કચરો કાઢતા, વાસણ ઊટકતા, પાણી ભરતા, છાણાં ઉપાડતા, અતિથિઓ આવે તેને રાંધીને જમાડતા અને તેમની પતરાળીઓ ઉપાડતા.

૫. ધર્મદેવ શું વિચારી ઘનશ્યામને કાશીની સભામાં લઈ ગયા ? (૫અ/૯)

જ. ધર્મદેવ જાણતા હતા કે પુત્ર ઘનશ્યામને ધર્મશાસ્ત્રો પર પ્રીતિ છે. શાસ્ત્રોની ગૂઢ વાતો તે સમજે છે, જ્ઞાન શું ને ભક્તિ શું તેની તેને ખબર છે. એને જો હું મારી સાથે લઈ જઈશ, તો એથી એને ઘણો લાભ થશે.

## વિભાગ :- ૨

**પ્ર.૬. નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ પસંદ કરી પ્રશ્નની આગળના ચોરસ ખાનામાં ફક્ત જવાબ નંબર લખો. (કુલ ગુણ : ૧૦)**

| | | | | |
|---|---|---|---|---|
| **૧.** ૩ (૨બ/૬૮) | **૨.** ૨ (૯બ/૭૮) | **૩.** ૩ (૧અ/૧) | **૪.** ૨ (૬અ/૧૨) | **૫.** ૧ (૧૧અ/૨૭) |
| **૬.** ૩ (૧૩અ/૩૧) | **૭.** ૪ (૧૪અ/૩૪) | **૮.** ૨ (૨૬અ/૫૭) | **૯.** ૧ (૩૦અ/૬૫) | **૧૦.** ૧ (૬અ/૧૪) |

**પ્ર.૭. વિભાગ 'બ'માંથી યોગ્ય જવાબનો ક્રમાંક પસંદ કરી, વિભાગ 'અ' સામેના ચોરસમાં ફક્ત જવાબનો ક્રમાંક લખી જોડકાં બનાવો. (કુલ ગુણ : ૫)**

| 'અ' | | 'બ' |
|---|---|---|
| ૧. ધર્મમ્ ચર (૧બ/૬૭) | ૪ | ૧. ગુણાતીતાનંદ સ્વામી |
| ૨. વિશ્વ કા (૧બ/૬૭) | ૫ | ૨. પિબક |
| ૩. ભગતજી મહારાજના ગુરુ (૬બ/૭૫) | ૧ | ૩. અદ્વૈતાનંદ સ્વામી |
| ૪. જંતર મંતરની શક્તિ (૯અ/૧૮) | ૨ | ૪. ધર્મનું આચરણ કર |
| ૫. મગનીરામ (૧૬અ/૪૦) | ૩ | ૫. કલ્યાણ હો |

**પ્ર.૮. નીચે આપેલી સ્વામીની વાતો પૂરી કરો. (કુલ ગુણ : ૧૦)**

**☞ નોંધ :- સ્વામીની વાત પૂરી સાચી હોય તો જ ગુણ આપવા, અડધી વાત સાચી હોય તો ગુણ ન આપવા.**

૧. આવા સાધુને મનમાં સંભારીએ તો મનનાં પાપ બળી જાય ને વાતો સાંભળીએ તો કાનનાં પાપ બળી જાય ને દર્શન કરીએ તો આંખનાં પાપ બળી જાય એમ મહિમા જાણવો. (૧૦બ/૮૧)

૨. કેટલેક રૂપિયે આંખ, કાન આદિક ઈન્દ્રિયું મળે નહિ તે ભગવાને આપ્યાં છે, પણ જીવ કેવળ કૃતઘ્ની છે. (૧૦બ/૭૯)

૩. નિરંતર સર્વ ક્રિયામાં પાછું વળીને જોવું જે, 'મારે ભગવાન ભજવા છે, ને હું શું કરું છું ?' એમ જોયા કરવું. (૧૦બ/૭૯)

૪. ગાફલાઈ ટાળવાનું કારણ એ છે જે ખટકો રાખે તો ટળે ને બીજો ઉપાય તો કોઈક શિક્ષા કરે ત્યારે ટળે. (૧૦બ/૮૧)

૫. આપણે તો અક્ષરધામમાં જાવું છે, એવો એક સંકલ્પ રાખવો. (૧૦બ/૭૯)

**પ્ર.૯. નીચે આપેલા કીર્તન / અષ્ટક / શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો. (કુલ ગુણ : ૧૦)**

**☞ નોંધ :- કીર્તન / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો, એક (૧) ગુણ આપવો.**

૧. માતાપિતાને પાયે પડશું, સંતજનોને ચરણે નમશું,
દેવ મંદિરે દર્શન કરશું, દંડવત્ કરશું, કીર્તન કરશું....... (૧૨બ/૮૩)

૨. નિત્ય નિત્ય નૌતમ, લીલા કરતા અવિનાશી (૨)
૧૦ અડસઠ તીરથ ચરણે (૨), કોટિ ગયા કાશી... જય ૦

પુરુષોત્તમ પ્રગટનું જે દર્શન કરશે (૨)
કાળ કર્મથી છૂટી (૨), કુટુંબ સહિત તરશે... જય ૦ (૯બ/૭૮-૭૯)

૩. ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ બન્ધુ ચ સખા ત્વમેવ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વં મમ દેવદેવં ॥ (૭બ/૭૫)

૪. એકડે એક, શ્રીજીની રાખો ટેક,
મારા બંધુ કલ્યાણ લેવું સહેલ છે.
બગડે બેય, શ્રીજીનું નામ લેય....... મારા બંધુ૦
ત્રગડે ત્રણ, શ્રીજીનું લે શરણ....... મારા બંધુ૦
ચોગડે ચાર, શ્રીજીને નમસ્કાર...... મારા બંધુ૦ (૩બ/૬૯)

૫. અમે સૌ શ્રીજીતણા પુત્રો, અક્ષરે વાસ અમારો છે,
સ્વધર્મી ભસ્મ ચોળી તો, અમારે ક્ષોભ શાનો છે.
જુઓ સૌ મોતીના સ્વામી, ન રાખી કાંઈ તે ખામી,
પ્રગટ પુરુષોત્તમ પામી, મળ્યા ગુણાતીત સ્વામી. (શૌર્યગીત)

**પ્ર.૧૦. નીચે આપેલા પાઠમાંથી કોઈ પણ એક ઉપર ટૂંકનોંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**૧. સૂરજની પેઠે (૨૦અ/૪૫)**

એક વાર મહારાજે એક ગામમાં ઉત્સવ કર્યો. આખા ગામને જમાડ્યું. ગામના લોકો જમ્યા અને બહારથી ગામમાં આવેલા, તે ય જમ્યા. મહારાજે પૂછ્યું : 'બધા જમ્યા ?' જવાબ મળ્યો કે, 'બધા જ જમ્યા !' તે વખતે નદીના સામા કિનારે કેટલાક માણસો મેલાઘેલા વેશમાં ફરતા હતા. મહારાજે તેમના તરફ હાથ કરી કહ્યું, 'એ લોકો જમ્યા ?' ત્યારે કોઈ બોલ્યું : 'મહારાજ ! એ લોકો તો વાઘરી છે !' મહારાજે કહ્યું : 'સૂરજ ઊગે, તે કોઈને ટાળે છે ? વરસાદ વરસે છે તે લોકોને ટાળે છે ? તો સહજાનંદ જમાડે ત્યારે કોઈને ટાળે એ કેમ બને ? માટે એ લોકોને બોલાવો ને હેતથી જમાડો !' તરત જ માણસો દોડ્યા, ને વાઘરીઓને બોલાવી લાવ્યા. મહારાજે જાતે તેમને પીરસ્યું, ને જમાડ્યા ! આવા હતા મહારાજ ! સૂરજની પેઠે એ સૌને અજવાળું આપે ! વરસાદની પેઠે સૌનો તાપ હરે !

**૨. સ્વામિનારાયણ મંત્ર - મંત્રમૂર્તિ મહારાજ (૧૫અ/૩૫)**

રામાનંદ સ્વામીના ધામમાં ગયા પછી તેરમે દિવસે શીતલદાસ નામનો માણસ ગુરુની શોધમાં આવ્યો. પણ રામાનંદ સ્વામી ધામમાં ગયા છે તેવું જાણીને તે નિરાશ થઈ ગયો. પણ મહારાજે તેને એક મંત્ર આપ્યો જે કોઈ એ સાંભળ્યો જ ન હતો. સ્વામિનારાયણ, સ્વામિનારાયણ આ મંત્રનું રટણ કરતાં જ શીતલદાસને સમાધિ થઈ. ભગવાન નારાયણને સિંહાસન પર બેઠેલા અને રામાનંદ સ્વામી તથા દેવો તેની સમીપે ઉભેલા હતા. શીતળદાસને બધાનું પૂજન કરવાની ઈચ્છા થઈ. નારાયણનું પૂજન કર્યું. પણ અનંતદેવોનું પૂજન કઈ રીતે કરવું ત્યારે ભગવાને રામાનંદ સ્વામીનું નામ દઈને એકના અનંત થવાનો સંકલ્પ કરવા કહ્યું પણ તે ના થયું. પછી સહજાનંદ સ્વામીનું નામ દઈને એકના અનંત થવાનો સંકલ્પ કર્યો તો શીતળદાસ એકનો અનંત થયો અને તેણે બધાની પૂજા કરી. શીતળદાસે સમાધિમાંથી જાગીને આ વાત કરી ત્યારે બધાને ખાત્રી થઈ મહારાજ પોતે નારાયણ છે અને તેમણે સ્વામિનારાયણ મંત્ર આપેલો એટલે મહારાજ મંત્ર મૂર્તિ બની ગયા.

**૩. અહીં ઘનશ્યામ ! તહીં ઘનશ્યામ ! (૪અ/૬)**

ઘનશ્યામ પાંચ-સાત વરસનાં થયા ત્યારે ધર્મદેવ કુટુંબને લઈને અયોધ્યામાં આવ્યા હતા. અયોધ્યાનાં બધા મંદિરો ઘનશ્યામનાં જાણીતાં હતાં. તેમાંય રામજી મંદિર અને હનુમાનગઢીનું હનુમાન મંદિર એમનાં ખાસ માનીતાં હતાં. એક વાર ઘનશ્યામ હનુમાન મંદિરમાં રામાયણની કથા સાંભળવા બેઠા હતા. સાંભળતાં સાંભળતાં રાત પડી ગઈ. ઘરે સૌને ચિંતા થઈ એટલે ઘનશ્યામના મોટા ભાઈ રામપ્રતાપભાઈ એમને શોધતા ત્યાં આવ્યા. ઘનશ્યામે તેઓને રાધાકૃષ્ણના મંદિરમાં દર્શન કરીને આવવાનું કહ્યું. રામપ્રતાપભાઈ ત્યાં ગયા. તો ત્યાં ઘનશ્યામે તેઓને શિવમંદિરમાં દર્શન કરીને આવવાનું કહ્યું. રામપ્રતાપભાઈ ત્યાં ગયા. તો ત્યાં ઘનશ્યામે તેઓને હનુમાનગઢીમાં દર્શન કરીને આવવાનું કહ્યું. મોટાભાઈ ત્યાં આવ્યા તો ત્યાં પણ ઘનશ્યામ એક ચિત્તે કથા સાંભળતા હતા. આમ, મોટાભાઈના મનમાં કોયડો રહી ગયો કે, મેં એક સાથે ત્રણ જગ્યાએ ઘનશ્યામને જોયા, એ શું ! પણ એમના મનનો આ કોયડો એ વખતે ઊકલ્યો નહિ. એ ઊકલ્યો પાંત્રીસ વર્ષે - જ્યારે એ ગુજરાતમાં આવ્યા, ને સહજાનંદ સ્વામી રૂપે બિરાજતા ઘનશ્યામને મળ્યા ત્યારે ! ત્યારે એમને ખબર પડી કે એ બધી તો અવતારી પુરુષની લીલા હતી!

**☞ નોંધ :- સારા, સ્વચ્છ અને સુંદર અક્ષરનાં પાંચ ગુણ આપવાનું ભૂલાય નહીં.**

❑ ❑ ❑